**ફોજદારી કેસ નં.૪૦૬/૨૦૨૫**
**આંક :–૨૯**

# **–: નમુનો–અ :–**

| **નામદાર જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફ. ક. (શ્રી બી.વી.ગોહિલ) સાહેબશ્રીની કોર્ટમાં,**<br>**મુ.–તા. માળીયા હાટીના, જિ. જૂનાગઢ.**<br>**ચુકાદાની તા. ૧૨/૦૩/૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં.૪૦૬/૨૦૨૫** | |
|---|---|
| ગુન્હાની વિગત | |
| ગુન્હાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા ગુ. પો. એકટની કલમ–૧૩૫ મુજબ |
| પ્રથમ માહિતિ અહેવાલ નંબર | ગુ.ર.નં.૧૧૨૦૩૦૧૨૨૫૦૦૪૦/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | ચોરવાડ પોલિસ સ્ટેશન |
| ફરિયાદી પક્ષ | શ્રી સ ર કા ર<br>(મુળ ફરિયાદી–સાકીત ઉર્ફે સાકલો ઉમરભાઈ ચાંદ,<br>ઉ.વ.–૨૯, ધંધો–ડ્રાઈવીંગ,<br>**રહે. :** સાંઈબાબા સોસાયટી મુ. ગડુ,<br>તા. માળીયા હાટીના. |
| ફરિયાદપક્ષે વિદ્ધાન વકીલ શ્રી | એ.પી.પી. શ્રી એમ.એચ. સિંધી |
| આરોપી પક્ષ | (૧) આસીફભાઈ જુસબભાઈ દલ,<br>ઉ.વ.૩૬, ધંધો–કન્સ્ટ્રકશન<br>(૨) સોહેલભાઈ અબ્દુલસતાર મલેક,<br>ઉ.વ.૨૯, ધંધો–મજુરી,<br>રહે. : બંને, ડી–ટાઈપ કવાટર્સ,<br>હનુમાન મંદિરની પાસે, મુ. ગડુ,<br>તા. માળીયા હાટીના, જિ. જૂનાગઢ. |
| આરોપીપક્ષે વિદ્ધાન વકીલ શ્રી | સી. આર. ભરડા, |

# **–: નમુનો–બ :–**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૫/૦૧/૨૦૨૫ |
| પ્રથમ માહિતિ અહેવાલની તારીખ | ૨૬/૦૧/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૩/૦૫/૨૦૨૫ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૬/૦૯/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૯/૧૨/૨૦૨૫ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –––– |

# **–: આરોપીઓની વિગત :–**

| **ક્રમ** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન મુકત તારીખ** | **તહોમત** | **નિર્દોષ / દોષિત** | **કરવામાં આવેલ સજા** | **સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ મુજબ** |
|---|---|---|---|---|---|---|---|
| **૦૧** | આસીફભાઈ જુસબભાઈ દલ | **૧૨/૦૨/૨૦૨૫** | **૧૨/૦૨/૨૦૨૫** | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા ગુ. પો. એકટની કલમ–૧૩૫ મુજબ | **નિર્દોષ** | **––** | **––** |
| **૦૨** | સોહેલભાઈ અબ્દુલસતાર મલેક | **૧૨/૦૨/૨૦૨૫** | **૧૨/૦૨/૨૦૨૫** | | **નિર્દોષ** | **––** | **––** |

# –: નમુનો–ક :–

## –:: ફરીયાદીપક્ષ/બચાવપક્ષ/ન્યાયાલયનાં સાક્ષીની યાદી ::–

### (અ) ફરીયાદ પક્ષનાં સાક્ષીઓ

| ક્રમ | આંક | નામ | પ્રકાર |
|---|---|---|---|
| પી.૦૧ | ૦૭ | સાકીત ઉર્ફે સાકલો ઉમરભાઈ ચાંદ | ફરીયાદી |

## –:: સરકારપક્ષ/બચાવપક્ષ/કોર્ટ દ્વારા આપેલ આંકની યાદી ::–

### (અ) ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો

| ક્રમ | આંક | નામ |
|---|---|---|
| ડી.૦૧ | ૦૮ | અસલ ફરીયાદ/એફ.આઈ.આર. |
| ડી.૦૨ | ૦૯ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ડી.૦૩ | ૧૦ | આરોપીઓનું અટક/રીકવરી પંચનામું |
| ડી.૦૪ | ૧૧ | ફરીયાદીનું સી.એચ.સી., ચોરવાડનું સારવાર સર્ટીફિકેટ |
| ડી.૦૫ | ૧૨ | ફરીયાદીનું સિવિલ હોસ્પીટલ, જૂનાગઢનું સારવાર સર્ટીફિકેટ |
| ડી.૦૬ | ૧૩ | જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જૂનાગઢનું જાહેરનામું |

# –: ચુ કા દો :–

**(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત :–**

આ કામનાં આરોપી નં–ર નાંઓએ ફરિયાદી પાસેથી પ્યાગો રીક્ષા વેચાતી લિધેલ હોય જે રીક્ષાનાં બાકી નિકળતાં રૂપિયા ફરિયાદી ગઈ તા.૨૫/૦૧/૨૦૨૫ નાં કલાક ૨૧–૪૫ વાગ્યાનાં ગડુ ચોકડી ખાતે સાગર કોલ્ડ્રીંકસ નામની દુકાન પાસે માંગતાં આરોપી નં–ર નાંએ આરોપી નં–૧ નાંને બોલાવતાં આરોપી નં–૧ આવી ફરિયાદીને કહેલ કે તે આરોપી નં–ર નાંને માર મારેલ છે તેમ કહિ પોતાની પાસે રહેલ પ્લાસ્ટીકનાં પાઈપ વડે ફરિયાદીને શરીરે માર મારી

ફરીયાદીનાં હાથમાં લોહિ નિકળે તેવી ઈજા કરી બંને આરોપીઓએ ફરિયાદીને ભુંડી ગાળો કાઢી જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ, જે બનાવની ફરિયાદીએ પોલિસ ફરિયાદ કરેલી.

## (૨) ફરીયાદ અનુસંધાને પોલીસ કાર્યવાહી :–

હાલનાં કામનાં ફરીયાદીની ફરીયાદનાં અનુસંધાને આરોપીઓ વિરૂધ્ધ ચોરવાડ પોલીસ સ્ટેશનમાં ગુના રજી. નંબર–૧૧૨૦૩૦૧૨૨૫૦૦૪૦/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત પોલિસ એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધી અન્વેષણ કરવામાં આવેલ. જે પોતાનાં અન્વેષણ દરમ્યાન તપાસનીશ અધિકારીશ્રી દ્વારા સાહેદોનાં નિવેદનો નોંધી, જરૂરી પંચનામા કરી, આરોપીઓ વિરૂધ્ધ કાનુની કાર્યવાહિ કરવા પુરતો પુરાવો જણાતાં, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ–૧૯૩ મુજબ ચાર્જશીટ કરેલું.

## (૩) ગુનાનું સંજ્ઞાન અને તહોમતનામું :–

આરોપીઓ વિરૂધ્ધ કરવામાં આવેલ તપાસનાં અંતે ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ થયા બાદ આરોપીઓ સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ–૨૧૦ મુજબ ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીઓને કોર્ટમાં હાજર રહેવા માટે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. જે પ્રોસેસ આરોપીઓને બજી જતાં આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયેલ. આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ પોલિસ તપાસનાં કાગળો વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓને પુરતો સમય આપ્યા બાદ તેઓને ગુનો કબુલ છે કે, કેસ આગળ ચલાવવા માંગે છે તેમ પુછતાં આરોપીઓએ ગુનો કબુલ ન હોય અને પોતાની વિરૂધ્ધનો કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ. જેથી આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૪ થી ત્હોમતનામું ફરમાવવામાં આવેલ તથા તેમની અનુક્રમે પ્લી આંક–૦૫ અને ૦૬ થી રેકર્ડ કરવામાં આવેલ છે.

**(૪) મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ :–**

પ્રોસીકયુશન પક્ષે પોતાનાં કેસનાં સમર્થનમાં નમુના **' ક '** મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**(૫) આરોપીઓનાં વિશેષ નિવેદન :–**

ફરિયાદ પક્ષનો આંક–૧૪ થી રજુ થયેલ કલોઝીંગ પુરશીશ મુજબ પુરાવો પુરો થતાં, રેકર્ડ આધારિત હકિકત ધ્યાને લેતાં આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપ મુજબનાં પુરાવા ન હોવાથી આરોપીઓના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૬) દલીલો :–**

ઉપરોકત પુરાવાઓ રજુ થયા બાદ ફરીયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી. શ્રી તથા બચાવ પક્ષે વિદ્વાન વકિલશ્રીની વિસ્તૃતમાં દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૭) મુદ્દાઓ :–**

ત્યાર બાદ ફરીયાદ પક્ષનો કોર્ટ સમક્ષનો હાલનો કેસ વંચાણે લેવામાં આવે તો, નીચે મુજબનાં મુદ્દાઓ ન્યાયિક નિર્ણય માટે ઉપસ્થીત થયેલા છે.

## –: <u>મુદ્દાઓ</u> :–

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં–૨ નાંઓએ ફરિયાદી પાસેથી પ્યાગો રીક્ષા વેચાતી લિધેલ હોય જે રીક્ષાનાં બાકી નિકળતાં રૂપિયા ફરિયાદી ગઈ તા.૨૫/૦૧/૨૦૨૫ નાં કલાક ૨૧–૪૫ વાગ્યાનાં ગડુ ચોકડી ખાતે સાગર કોલ્ડ્રીંકસ નામની દુકાન પાસે માંગતાં આરોપી નં–૨ નાંએ આરોપી નં–૧ નાંને બોલાવતાં આરોપી નં–૧ આવી ફરિયાદીને કહેલ કે તે આરોપી નં–૨ નાંને માર મારેલ છે તેમ કહિ પોતાની પાસે રહેલ પ્લાસ્ટીકનાં પાઈપ

વડે ફરિયાદીને શરીરે માર મારી ફરીયાદીનાં હાથમાં લોહિ નિકળે તેવી ઈજા કરી બંને આરોપીઓએ ફરિયાદીને ભુંડી ગાળો કાઢી જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત પોલિસ એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૮) નિર્ણય :–**

ઉપરોકત મુદ્દાઓનાં અત્રેની કોર્ટનાં નિર્ણય નીચે મુજબનાં છે.

| | |
|---|---|
| ૧. | નકારમાં |
| ૨. | આખરી હુકમ મુજબ |

.

## નિર્ણય માટેનાં કારણો (પુરાવાનું મુલ્યાંકન)

**(૯) મુદ્દા નંબર–૧ :–**

**(૯.૧)** આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંતો અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. હાલનાં ગુનામાં આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપાયેલ ગુનો નિ:શંકપણે સાબિત કરવા અંગેનાં પુરાવાનો બોજ ફરિયાદપક્ષ પર રહેલ છે.

**(૯.૨)** આ કામે ફરિયાદપક્ષે આંક–૦૭ થી ફરીયાદી સાકીત ઉર્ફે સાકલો ઉમરભાઈ ચાંદ(બ્લોચ) નાંઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, બનાવ આશરે ૧૦(દસ)–મહિના પહેલાં બનેલો. હાલનાં કામનાં આરોપી નં–૨ નાંએ તેઓની પાસેથી પ્યાગો રીક્ષા વેચાતી લિધેલ. જે રીક્ષાનાં બાકી નિકળતાં રૂપિયા તેઓએ સાગર કોલ્ડ્રીંકસ નામની દુકાને માંગતાં આરોપીઓએ તેમની સાથે માત્ર બોલાચાલી કરેલી. આ સિવાય બનાવમાં બીજુ કાંઈ બનેલ નહિં.

બનાવનાં દિવસે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી હોવાથી ઉશ્કેરાટનાં કારણે તેમણે ચોરવાડ પોલિસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. ફરિયાદીએ આંક-૦૮ થી રજુ થયેલ અસલ ફરિયાદમાં તેમની સહિ તથા આરોપીઓને નામદાર કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ સિવાય ફરીયાદને સમર્થનકારક કોઈ હકિકત જણાવેલ ન હોય તેમજ વિદ્વાન એ.પી.પી.શ્રીનો દિવસ ન હોવાથી અત્રેની કોર્ટ દ્વારા સદર સાહેદને સુચક પ્રશ્નો પુછતાં પણ સદર ફરીયાદી દ્વારા ફરીયાદની હકિકતોને સમર્થનકારક હકિકતો જણાવેલ નથી. જયારે, બચાવપક્ષ તરફેથી કરાયેલ ઉલટ તપાસમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ તેઓને કોઈ મારક હથિયાર વડે માર મારેલ નથી કે જાહેરનામાનો ભંગ કરેલ નથી કે કોઈ ભુંડી ગાળો આપેલ નથી કે કોઈ ઢીકાપાટુનો માર મારેલ નથી કે જાનથી માર નાંખવાની કોઈ ધમકી આપેલ નથી.

(૯.૩) ઉપરાંત બચાવપક્ષની સંમતિથી અનુક્રમે બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ આંક-૦૯, આરોપીઓનાં અટક/રીકવરી પંચનામાની ખરી નકલ આંક-૧૦, ફરિયાદીનાં ઈજા અંગેનાં સી.એચ.સી., ચોરવાડના સારવાર પ્રમાણપત્રની ખરી નકલ આંક-૧૧, ફરિયાદીનાં ઈજા અંગેનાં સિવિલ હોસ્પિટલ, જૂનાગઢના સારવાર પ્રમાણપત્રની ખરી નકલ આંક-૧૨ તથા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જૂનાગઢનાં હથીયારબંધીનાં જાહેરનામાની ખરી નકલ આંક-૧૩ થી રજુ રાખેલ છે. પરંતુ, સદર દસ્તાવેજી પુરાવો સમર્થનકારક પુરાવો હોય, તેને ફરિયાદપક્ષના મહત્વના પુરાવાઓની સાથે વંચાણે લેવા જરૂરી હોય છે. જયારે ફરિયાદપક્ષના મહત્વના પુરાવાઓથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતુ ન હોય, ત્યારે સમર્થનકારક પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તેમની સામે આક્ષેપાયેલ ગુના સાથે સાંકળી શકાય નહિં.

(૧૦) આ કામે ફરિયાદપક્ષ તરફે સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવો વંચાણે લેવામાં આવે અને મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરિયાદપક્ષ તરફે ફરિયાદીને તપાસવામાં આવેલા છે. સદર ફરીયાદીએ ફરિયાદપક્ષના કેસને બિલકુલ સમર્થન આપેલ નથી, તેમજ બચાવપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ જોતાં તેવી હકિકતોનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ તેઓને કોઈ મારક હથિયાર વડે કે કોઈ ઢીકાપાટુનો માર મારેલ નથી. આરોપીઓએ

કોઈ જાહેરનામાનો ભંગ કરેલ નથી. આરોપીઓએ તેઓને કોઈ ભુંડી ગાળો કે કોઈ ધમકી આપેલ નથી. તેઓએ ઉશ્કેરાટમાં આવીને ફરિયાદ આપેલી. ફરીયાદીની જુબાની જોતાં ખરેખર સામાન્ય બોલાચાલી થયેલ. ફરીયાદી દ્વારા હાલનાં કામનાં આરોપીઓ સામે આવેશમાં આવી જઈ ફરિયાદ નોંધાવેલ હોય તેવું રેકર્ડ પર આવેલ છે. આમ, આંક–૦૮ ની ફરિયાદની કોઈ હકિકત ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાથી સ્પષ્ટપણે પુરવાર થતી ન હોવાથી ફરિયાદપક્ષનો પુરાવો જોતાં સદર બનાવ બનેલ છે કે કેમ? તે અંગે શંકા ઉપસ્થિત થાય છે. જે શંકાનો લાભ ચોકકસપણે આરોપીઓને મળવાપાત્ર છે. આમ, ફરિયાદપક્ષનો રેકર્ડ થયેલ પુરાવો જોતાં આરોપીઓ સામેનો કેસ નિ:શંક પણે પુરવાર થયેલો માની શકાય નહિં. વધુમાં આ તબકકે ફોજદારી ધારાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ પોતાના જ પુરાવાથી સાબિત કરવાનો રહે છે અને જો ફરિયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીપક્ષને મળવાપાત્ર રહે છે. આ કામે ફરિયાદપક્ષે આંક–૧૪ થી કલોઝીંગ પુરશીશ રજુ કરી તેઓને કોઈ વિશેષ પુરાવો આપવો નથી તેવુ જાહેર કરેલ છે. આમ, ફરિયાદપક્ષે કોઈ સમર્થનકારી પુરાવા તરીકે કોઈ વિશેષ પુરાવો રજુ કરેલ નથી.

**વધુમાં, ૧૯૯૬(૩) ક્રાઈમ્સ, પાના નં.૮૫ ઉપર પ્રસિધ્ધ થયેલ સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન** નાં ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ત્યારે બાકિના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કે :– When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

**(૧૧)** આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. જે બાબત ધ્યાને

લેતાં, ફરિયાદપક્ષ દ્વારા આરોપી નં–૨ નાંઓએ ફરિયાદી પાસેથી પ્યાગો રીક્ષા વેચાતી લિધેલ હોય જે રીક્ષાનાં બાકી નિકળતાં રૂપિયા ફરિયાદી ગઈ તા.૨૫/૦૧/૨૦૨૫ નાં કલાક ૨૧–૪૫ વાગ્યાનાં ગડુ ચોકડી ખાતે સાગર કોલ્ડ્રીંકસ નામની દુકાન પાસે માંગતાં આરોપી નં–૨ નાંએ આરોપી નં–૧ નાંને બોલાવતાં આરોપી નં–૧ આવી ફરિયાદીને કહેલ કે તે આરોપી નં–૨ નાંને માર મારેલ છે તેમ કહિ પોતાની પાસે રહેલ પ્લાસ્ટીકનાં પાઈપ વડે ફરિયાદીને શરીરે માર મારી ફરીયાદીનાં હાથમાં લોહિ નિકળે તેવી ઈજા કરી બંને આરોપીઓએ ફરિયાદીને ભુંડી ગાળો કાઢી જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત પોલિસ એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કર્યાનો જે આક્ષેપ કરેલ છે, તે હકિકત પુરવાર થતી નથી. આમ, ઉપરોકત હકિકત જોતાં આરોપીઓ સામેનો આક્ષેપ ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ જેથી મુદ્દા નં–૧ નો જવાબ "**નકારમાં**" આપી મુદ્દા નં–૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ♦ આખરી હુકમ ♦

- આ કામનાં આરોપીઓ **(૧)** આસીફભાઈ જુસબભાઈ દલ **(૨)** સોહેલભાઈ અબ્દુલસતાર મલેક, રહે.: બંને, ડી–ટાઈપ કવાટર્સ, મુકામ–ગડુ, તા.માળીયા હાટીના વાળાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧ સાથે વંચાણે લેતાં ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત પોલિસ એકટની કલમ–૧૩૫ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાનાં તહોમતમાંથી મુકત કરી નિદોર્ષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.
- હાલનાં કામે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ પ્લાસ્ટીકનાં પાઈપનો અપીલ સમય વિત્યે નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ અપીલ

કોર્ટમાં હાજર રહેવાની ખાત્રી આપતાં છ–માસના સમય માટે રૂા.૨,૫૦૦/– ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–**૧૨** મી, માહે–**માર્ચ**, સને–**૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી, જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ : ૧૨/૦૩/૨૦૨૬.<br>સ્થળ : માળીયા હાટીના. | **( બી. વી. ગોહિલ )**<br>જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,<br>માળીયા હાટીના (જિ.જૂનાગઢ)<br>( Judge Code - GJ-01456 ) |